# જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## જૈન તીર્થોની ભવ્ય ગાથા- વ્યાખ્યાન માળા

### વ્યાખ્યાન – ૭ ઉત્તરપ્રદેશના જૈન તીર્થો-૨

વ્યાખ્યાતા- શ્રી અર્પિતભાઈ શાહ

તારીખ – ૨૮/૦૧/૨૦૨૩

આજે ઉત્તરપ્રદેશના તીર્થોમાં સૌ પ્રથમ આપણે કાંપિલ્ય પુર તીર્થ કમ્પિલપુર તીર્થ,કન્પીલાજી અથવા જેને કામ્પીલ્ય તીર્થ કહીએ છીએ એ કામ્પલ્યજી એની આપણે વાત કરીશું. આ ઐતિહાસિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્વપૂર્ણ તીર્થ છે. સૌથી પહેલા તો આપણા પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાન દ્વારા સ્થાપિત જે 52 જનપદ હતા એમાંથી એક હતો પાંચાલ દેશ અને આ પાંચાલ દેશની સમૃદ્ધ રાજધાની હતી કાંપિલ્ય પુર. એમ કહેવાય છે કે એક સમયે આનો એટલો મોટો વિસ્તાર હતો કે વીસ માઇલના ઘેરાવાળી હતી આજે  નગરી તે માત્ર નાનકડું ગામ છે પણ એ સમયમાં આનો વિસ્તાર ખૂબ જ ખૂબ જ મોટો હતો. પ્રાચીન કાળમાં એને અલગ અલગ નામોથી સંબોધિત કરવામાં આવ્યું હતું કમપિલ્ય, ભોગપુર, માર્કન્ડી વગેરે નામોથી એ પ્રખ્યાત હતી. અને જે પ્રાચીન અવશેષો મળ્યા છે આ ભૂમિમાંથી એના દ્વારા એ સિદ્ધ થાય છે કે એ સમયમાં અનેક અનેક જૈન મંદિરો થી આ કાંપિલ્ય પુર શોભાય માન હતું. આજે એટલી જાહોજલાલી નથી રહી પણ એક સમયમાં આના ઉત્ખનનથી પ્રાપ્ત થાય છે કે આના ઘણા અવશેષો અહીંથી પ્રાપ્ત થયા છે. કાંપિલ્ય પુર  જે સૌથી મહત્વ રૂપે કલ્યાણ ભૂમિ છે શ્રી વિમલનાથ ભગવાન આપણા 11 મા તીર્થંકર પરમાત્મા છે એમના ચ્યવન, જન્મ,દીક્ષા અને કેવળ જ્ઞાન આચારેય કલ્યાણક આ ભૂમિ રહી ચૂકી છે અને અહીં કેટલા કેટલા ભગવાન પધારેલા શ્રી આદિનાથ ભગવાન તો પધારેલા મુની સુવ્રત  સ્વામી વિમલનાથ ભગવાનના તો આમ પણ ચાર કલ્યાણક અહીં થયેલા છે મુનિ સુવ્રત સ્વામી અહીં પધારેલા. અહીં પદ્મનાભ રાજાએ દીક્ષા લીધી, કેવળ જ્ઞાન પ્રાપ્ત કરેલ અને શ્રી મહાવીર ભગવાનના અહીં સમોસરણ રચાયા હતા. તેમના સમયમાં એમના જ એક શ્રાવક હતા જે જેમનું નામ હતું કુંડકૌલિક. જેમણે પ્રભુ મહાવીર આગળ બાર વ્રતનું ઉચ્ચારણ કર્યું હતું એવા આશ્રા વક એટલા અદભુત જ્ઞાની હતા કે એ સામાયિક કરી રહ્યા હતા અને એક દેવ આવીને એમને કહે છે કે આપ આજીવક મત અપનાવો, જે મંથલી મખલી પુત્ર

ગૌશાલકનો જે મન છે મત છે જે નિયતિવાદનો મત છે એને અપનાવો કેમ કે જે વસ્તુ નિશ્ચય થવાની છે,જે ભાગ્યમાં લખેલું છે, જે નિયતિમાં લખેલું છે એ થવાનું જ છે. પણ કુંડકૌલીકનું જ્ઞાન એમનું સમ્યક દર્શન એટલું નિર્મળ હતું કે તેમને વાદમાં પરાજિત કર્યા બાદ એના પછી ના દિવસે પ્રભુની દેશનામાં જઈ રહ્યા હતા ત્યારે તેમની દેશનામાં વખાણ કહે છે કે એક શ્રાવક જો આટલો વાદમાં જીતી શકે તો આપણા આગમના જે જ્ઞાતા જે સાધુ પુરુષો છે તે શું ના કરી શકે. આવા કુંડકૌલીક શ્રાવકો દેવાની પણ આ નગરી છે. આ નગરના ઇતિહાસમાં આપણે જોઈએ તો આ દ્રૌપદીનો જન્મ સ્થળ છે અને દ્રુપદ રાજાની રાજધાની છે. ગણધર ભગવંતો તો દ્વારા જે રચાયેલ જ્ઞાતા ધર્મ કથા સુત્રમાં દ્રૌપદી, દ્રોપ દ્વારા જે મોટી પૂજા નો ઉલ્લેખ આપણને અહીં પ્રાપ્ત થાય છે .કાંપિલ્ય પુર નગરીમાં એમણે મૂર્તિ પૂજા કરી હતી એના સ્પષ્ટ ઉલ્લેખ આપણને મળે છે .એમાં લખેલું છે કે ઉત્તમ રાજ કન્યા દ્રૌપદી યથા સમયે સ્નાન ગૃહ તરફ ગઈ અને ત્યાં સ્નાન ઘરમાં જઈને સ્નાન કર્યું અને યાવત શુદ્ધ માંગલિક વસ્ત્રો ધારણ કર્યા અને ત્યારબાદ જીન પ્રતિમાની અર્ચના કરી. આવા સ્પષ્ટ શબ્દો છે જે અહીં જ્ઞાતા ધર્મકથા સૂત્રના ના જે મૂળ પાઠ છે એની પંક્તિ અહીં રજૂ કરાઈ છે. ઘણા સ્કોલરને પણ એવી એક મિસ અન્ડરસ્ટેન્ડિંગ રહી ગઈ છે કે મૂર્તિપૂજા પહેલા પ્રચલિત ન હતી પણ જ્ઞાતા ધર્મ કથા છે જેની કોઈ ટીકા ચુરની ની વાત નથી થતી પણ મૂળ આ અંગ આગમ નો પાઠ છે અને એમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે દ્રોપદી દ્વારા અહીં આ જ ગામમાં મૂર્તિ પૂજા કરવામાં આવી હતી. અનેક અનેક મહાત્માઓ પધાર્યા હતા અહીં અને તેની ચૈત્ય પરિપાટીમાં આ તીર્થનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સૌભાગ્ય વિજયજી મહારાજ જ્યારે અહીં પધાર્યા હતા જે લગભગ 17 સેન્ચ્યુરીમાં પધાર્યા હતા. તેમણે પણ આ તીર્થનો ઉલ્લેખ કર્યો છે કે એ સમયમાં આનું નામ પીટીયારી હતું જે અયોધ્યાથી પશ્ચિમ દિશામાં હતું. આ બધી વાતોથી આપણને ખબર પડે છે કે તે સમયમાં કેવા કેવી પરિસ્થિતિઓ હતી અને એમાંથી આ તીર્થ કેવી રીતે પસાર થયું છે એની ઇન્ફોર્મેશન આપણને તીર્થ માળા દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. 18 મી સદીમાં લગભગ કાંપિલ્ય પુર પીટીયારી નામથી ઓળખાતું હતું વર્તમાનમાં કાંતિલ્યપુર જોઈએ તો એ ફરુખાબાદ જિલ્લાના રેલ્વે સ્ટેશનથી 10 કિલોમીટર દૂર અને આગરા થી 188 કિલોમીટર દૂર છે. વર્તમાને એ કંપીલ નામે પ્રસિદ્ધ છે. હાલમાં એક શ્વેતામ્બર અને દિગંબર જિનાલય છે. સૌથી મજાની વાત છે કે આ બંને જિનાલયો નાના નાના ટીલાઓ ઉપર સ્થિત છે અને ખૂબ જ પ્રાચીન પ્રતિમાઓ અહીંથી આપણને પ્રાપ્ત થાય છે. અહીં જે ઉત્ખનન થયા છે એમાંથી એટલા બધા અવશેષો આપણને પ્રાપ્ત થયા છે કે આપણને ખબર પડે છે કે એક સમયે આ

કેવી ગૌરવ સભર સમૃદ્ધ નગરી હતી અને આજના દિવસે માત્ર અને માત્ર બે જીનાલય આપણને અહીં પ્રાપ્ત થાય છે.

શ્વેતાંબર જીનાલય તરફ આપણે જઈએ ત્યારે એક ઊંચી ટેકરી ઉપર ગામના પાછલા ભાગમાં આ જિનાલય સ્થિત છે અને જેનો હાલમાં અમુક જ વર્ષ પહેલા દસ પંદર વર્ષ પહેલા જ આનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. આણંદ જી કલ્યાણજી ની પેઢી દ્વારા અહીં મુખ્ય લાભ લેવામાં આવ્યો હતો. સૌથી ઇન્ટરેસ્ટિંગ વાત છે કે અહીં પાંચ શિખરયુક્ત દેરાસર છે એટલે એવું નથી કે માત્ર જીર્ણોદ્ધાર બાદ અહીં પાંચ શિખર યુક્ત જિનાલય થયા છે પહેલા પણ પાંચ શિખર હતા. અહીં ડાબી તરફના ચિત્રમાં એ જીર્ણોદ્ધાર પહેલાંનું ચિત્ર છે અને જમણી તરફનું જીર્ણોદ્ધાર પછીનું ચિત્ર છે. પહેલા પણ ચાર નાની નાની ઘૂમતીઓ હતી ને વચ્ચે મૂળ જીનાલય નું શિખર હતું.પણ આજે એ ગુમતીઓને વિકસાવી અને સ્વતંત્ર શિખરો નું રૂપ આપવામાં આવ્યું છે એટલે એ જે પ્રાંગણ છે એ ભવ્યથી ભવ્ય લાગે છે. જુના મૂળનાયક પરમાત્મા જે લગભગ 175 વર્ષ પ્રાચીન છે વિમલનાથ ભગવાનની પ્રતિમા અહીં બિરાજમાન છે, જે શ્વેત આરસમાં નિર્મિત છે અને લગભગ 18 ઇંચ ઊંચી આ વિમલનાથ ભગવાનની પ્રતિમા છે. વર્તમાનમાં જે મૂળનાયક છે જમણી તરફ ભવ્યાતી ભવ્ય અષ્ટ પ્રતિહારી જેમની પાછળ ચાંદીના  રજતમય પીઠ છે ત્યાં 14 સ્વપ્નનું ભવ્ય રૂપાંતરણ કરવામાં આવ્યું છે એવી અદભુત વિમલનાથ પરમાત્મા ની આરસપહાણમાં સરસ પ્રતિમા છે. ડાબી તરફ  જુના મૂળનાયકની પ્રતિમા છે. વચ્ચે જે ચિત્ર આપણે જોઈ રહ્યા છીએ એ ચારે કલ્યાણક નું સૂચન કરતા એવા ચાર ચરણ પાદુકાઓ અહીં બિરાજમાન છે જે 19મી સદીમાં છેલ્લો જીર્ણોદ્ધાર થયેલો છે. આની પહેલાનો જે જીર્ણોદ્ધાર થયો હતો ત્યારે જ ચરણ પાદુકાઓ સ્થાપિત કરાઈ હતી એના આપણે અહીં દર્શન કરી શકીએ છીએ આની સાથે અહીં ઘણી પ્રાચીન ચરણ પાદુકાઓ પણ આપણને પ્રાપ્ત થાય છે. વચ્ચેની ચરણ પાદુકા સૌથી પ્રાચીન છે. એ લગભગ 14 મી સદીની છે જે વિમલનાથ સ્વામી ભગવાનની કલ્યાણ ભૂમિ નું સૂચન કરી રહી છે. એવી ઘણી બધી પ્રાચીન ચરણ પાદુકાઓ અહીં આપણને મળે છે.. આ જિનાલય નો જ્યારે હાલમાં જીર્ણોદ્ધાર થયો છે ત્યારે નવી પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી અલગ અલગ ગોખલાઓમાં ભવ્ય વિમલનાથ ભગવાનના અલગ અલગ કલ્યાણકો સાથે સાથે અન્ય તીર્થંકર પરમાત્માઓની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી. જેને આજે આપણે મોર્ડનવાસ્તુકલા ના હિસાબથી બનાવવાનું કહી શકાય છે. આ આરસપહાણમાં છે અને ખૂબ જ ભવ્યથી ભવ્ય છે.

અહીથી આગળ આપણે દિગંબર જિનાલય તરફ જઈએ તો આ જીનાલય સૌથી પ્રાચીન કહી શકાય એવું જિનાલય છે કેમકે આ 1500 વર્ષથી પણ વધુ પ્રાચીન છે. સ્થાપત્યના હિસાબથી આપણે જોઈએ તો ખૂબ જ સામાન્ય સ્થાપત્ય છે એમાં કલા કોતરણી આપણને જોવા મળતી નથી પણ પ્રાચીનતાના હિસાબથી ઘણું પ્રાચીન મંદિર છે. અહીં જે શિલાલેખ આદિ જે પ્રાપ્ત થયા છે એનાથી સ્પષ્ટ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે કે 1500 વર્ષ થી પણ અધિક પ્રાચીન આ જીનાલય છે કેમકે અહીં ગુપ્તકાલીન ગંગા નદીથી પ્રાપ્ત એવી અત્યંત પ્રાચીન વિમલનાથ ભગવાનની શ્યામવરણીય પ્રતિમા અહીં બિરાજમાન છે સાથે સાથે અહીં અલગ અલગ પ્રાચીન પ્રતિમાઓ ચરણ પાદુકાઓ સર્વતોભદ્ર પણ પ્રાપ્ત થાય છે. અહીં કોતરણી નો જરૂર અભાવ છે પણ જિનાલય ની અંદર કાચનું બહુ સારું કામ કરવામાં આવ્યું છે. બહારથી જોતા એ ખૂબ જ સામાન્ય સ્થાપત્ય છે શિખરમાં પણ કોઈ કોતરણીયુક્ત કામ આપણને દેખાતું નથી માત્ર એક ટ્રાયએંગલ લુક છે જે આપણને ઉત્તર પ્રદેશના ઘણા બધા તીર્થોમાં આપણને દેખાવામાં આવે છે અહીં એ સમૃદ્ધ શાખથી કામ કરવામાં આવ્યું નથી. હાલમાં જે જે જીર્ણોદ્ધાર થઈ રહ્યા છે એનો અવશ્યપણે સરસ જીર્ણોદ્ધાર થઈ રહ્યો છે પણ જે લગભગ ૧૮મી ૧૯મી સદીમાં જેના છેલ્લા જીર્ણોદ્ધાર થયા હતા એના એવા ભવ્ય કોતરણીયુક્ત જીનાલયો પ્રાપ્ત થતા નથી. પ્રાચીન મૂળનાયક પરમાત્મા જે છે એ કાંપિલ્ય પુર સૌથી પ્રાચીન મૂળનાયક કહી શકાય એવા અહીં બિરાજમાન છે વિમલના સ્વામી ભગવાનની પ્રાચીન પ્રતિમા અહીં છે લગભગ 1500 થી 1600 વર્ષ પ્રાચીન છે જે ગંગા નદીથી પ્રાપ્ત થયા છે એટલે આટલા વર્ષોથી ગંગા નદીમાં રહ્યા એના કારણે એના શરીરમાં ઘણા ઘણા ડાઘા પડેલા દેખાય છે. અહીં શ્રી વત્સનો અંક પણ સ્પષ્ટ દેખાય છે એટલે આપણને ખ્યાલ આવે છે કે આ ગુપ્તકાલીન પછીની પ્રતિમા છે પ્રભુના હાથમાં શુભ ચિન્હો નું અંકન કરવામાં આવ્યું છે અને આની ખાસિયત એ છે કે જે પ્રાચીન કાલની જે દિગંબર પ્રતિમાઓ બનતી હતી તે અગર પદ્માસન મુદ્રામાં હોય તો સ્પષ્ટપણે નગ્નતા દેખાડવામાં આવતી ન હતી પ્રતિમામાં સ્પષ્ટ પદ્માસન મુદ્રા હોવા છતાં પણ નગ્નતા દેખાડવામાં આવી છે તો  પભાસન ખૂબ જ અનોખી ડિઝાઇન છે જેમાં તે સમયની કલાકારી પણ આપણને દેખાય છે. એમ આપણે જોઈ શકીએ છીએ કે કે ખૂબ જ ભવ્ય સરસ મજાની વેદીમાં પ્રભુ બિરાજમાન છે. આજુબાજુ પૂરા કાંચની ખુબ સ્વભાવ્ય સરસ કામ કરવામાં આવ્યું છે. ડાબી તરફની જે પ્રતિમા છે એ લગભગ 16 મી સદીની પ્રાચીન પ્રતિમા છે અને જમણી તરફ જે પ્રતિમા બનાવવામાં આવી છે એ નવી સ્થાપવામાં આવી છે. અહીં જિનાલયમાં આપણને પ્રાચીન ચરણપાદુકાઓ મળે છે વિમલનાથ ભગવાનની ત્રણ પાદુકાની એક સાથે ત્રણ અને જોડી અલગથી મળે છે. આપણને કલ્યાણકોની કુલ ચાર ચરણ પાદુકાઓ મળે છે

અને અહીં ખૂબ જ અત્યંત પ્રાચીન આપણા જે શ્વેતામ્બર જિનાલય માં ચરણપાદુકા છે એ લગભગ લગભગ ૧૫મી સદી થી લઈને 18 મી 19 મી સદી નું સૂચન કરે છે પણ આ ચરણપાદુકાઓ અત્યંત પ્રાચીન  છે.. અન્ય વેદીઓ પણ દિગંબર જીનાલય માં નવી બનાવવામાં આવી છે. વિમલનાથ ભગવાનના ચાર કલ્યાણકો ની રચના પણ કરવામાં આવી છે જ્યાં પ્રાચીન સાથે નવા ચરણ પાદુકાઓની પણ સ્થાપના કરવામાં આવી છે. અહીં એક નાનકડું રત્ન મંદિર પણ છે જેમાં અલગ અલગ વિવિધ પ્રકારના રત્નોથી પ્રતિમાઓનું સમાવેશ કરવામાં આવ્યો છે અહીંના સ્થાપત્યની એક યુનિકનેસ છે કે અહીંના જીનાલય ની અંદર જ માંનસ્તંભની રજા રચના કરવામાં આવી છે. જમણી તરફના ફોટોમાં આપણે જોઈ શકીએ છીએ કે જીનાલયના અંદર જ માનસ્તંભની રચના કરવામાં આવી છે આપણે જોયું કે માનસ સ્તંભ જીનાલયની બહાર હોય છે.

આપણે આગરાતીર્થ તરફ જોઈએ તો આગરા સંભાળતા  આપણને તાજમહેલ ની સ્મૃતિ થાય છે, પણ અહીં ખૂબ જ સુંદર આપણા ભવ્યતિ ભવ્ય જીનાલયો આવેલા છે. તેના ઇતિહાસ વિશે અગર આપણે વિચારીએ તો તો આપણને લાગશે કે આગ્રામાં  પણ ભવ્યાતીભવ્ય  જીનાલયો આપણે અહીં મળ્યા છે.આગરા જેને પુરાતન કાળમાં અગ્ર વન નામે એ પ્રચલિત હતું અને શિલાલેખોમાં પણ એવો સ્પષ્ટ ઉલ્લેખ આપણને મળે છે કે ઉગ્રસેનપુર અગરપુલ નામ પ્રાપ્ત થતા હતા. યમુના ના કાંઠે વસેલું આ તીર્થ અને અશોકના સમયથી એવા આપણને ઉલ્લેખો પ્રાપ્ત થાય છે કે આગરા સમૃદ્ધ નગર હતું પણ આજના સમયમાં એ કાલના કોઈપણ અવશેષ આપણને પ્રાપ્ત થતા નથી. આગ્રાની આજુબાજુના ઘણા બધા ગામોમાં આપણને પ્રાચીન પ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે. અહીં આપણે જમણી તરફ જોઈએ તો ૧૮ કિલોમીટર દૂર ઋષભદેવ ભગવાનની સુંદર કેશ જટાયુક્ત સુંદર પ્રતિમા આપણને પ્રાપ્ત થઈ છે. આજે આ જૈન ધર્મ પાસે નથી એ બીજા કોઈ ધર્મ પાસે છે બીજા કોઈના કબજામાં છે તેથી તે હિસાબે તેની પૂજા થઈ રહી છે. પણ આ પ્રતિમા ખૂબ જ ભવ્યથી ભવ્ય પ્રતિમા છે આ પ્રતિમાની બંને બાજુ ચામરધારીની ઈન્દ્ર છે. નીચે બે સિંહ છે. વચ્ચે ધર્મચક્ર છે એવી અદભુત ખૂબ જ અદભુત પ્રાચીન પ્રતિમા આપણને અહીંથી મળી છે. કેશ જટાધારી વૃષભદેવ પરમાત્મા. આગ્રાની નજીક જ ફતેપુર સીકરીના ને અકબરે પોતાનું કેપિટલ બનાવ્યું હતું .ત્યાંના ઉત્ખનનથી આપણને ભવ્યતિ ભવ્ય એવા શિલ્પ પ્રાપ્ત થયા છે કે જેની વાત પણ આપણે કરી શકીએ નહીં. આ આઠમી થી 10 મી શતાબ્દીમાં ખૂબ જ સમૃદ્ધ જૈન નગર હતું એવું એવા સ્પષ્ટ પુરાવો આપણને મળે છે. અહીં ડાબી બાજુ આપણે વાંચી શકીએ છીએ વિશ્વ રેકોર્ડમાં કે એક સમયમાં આ પૂરેપૂરું જૈન નગર

હતું પણ આગળ જતા એમાં કોઈ જૈનોની વસ્તી રહી નથી . અહીં ખડગાસનમાં ભવ્યતિ ભવ્ય શ્વેતાંબર જૈન પ્રતિમા આપણને મળે છે, સાથે સરસ્વતી દેવીની ખૂબ જ સુંદર પવિત્ર અને રમણીય પ્રતિમા તે અહીંના ઉત્ખનન માંથી આપણને પ્રાપ્ત થઈ છે એટલે આવી અદભુત ધરોહર એક સમયમાં આગ્રાની આસપાસ હતી એટલે આપણે કહી શકીએ કે આગ્રાનો વિસ્તાર ઘણો મોટો હતો. એમાં ફતેપુર સિકરી પણ આવી જતું હતું જે આગરા થી 18 થી 20 કિલોમીટર દૂર છે અને તેની અંદર એના વિસ્તારનું સમાવેશ કરવામાં આવતું હતું. આથી આપણે વિચારી શકીએ કે એક સમયમાં આગ્રાની કેવી ભવ્ય પરિસ્થિતિ હશે.

આગરા ફોર્ટ આજે વર્તમાનમાં ઉત્ખનન ચાલતું હતું ત્યારે ત્યાં પ્રાચીન જિનાલયના થાંભલા અને શિલાલેખ સહિતના લેખો પ્રતિમાઓ આપણને મળે છે. જમણી તરફ આપણે પ્રતિમાના ચિત્ર જોઈ શકે છે. ખૂબ જ  ભવ્યાતિ ભવ્ય મુન્ની સુવ્રત સ્વામીના કાળા ભૂરા પથ્થરમાંથી ઘડાયેલ નકશીદાર પ્રતિમા આપણને પ્રાપ્ત થાય છે. લગભગ 11 મી સદીની પ્રતિમા છે આગ્રાફોર્ટ અને નદી તરફનો જે દ્વાર છે એ બંને વચ્ચે સ્તંભોની પૂરી હાર માળા પ્રાપ્ત થાય છે. એક સમયમાં ત્યાં જ એક જિનાલય રહ્યું હશે ત્યાં ભવ્ય થંભયુક્ત જિનાલય હશે અને ત્યાં આપણને આવી ભવ્ય અતિ પ્રાચીન મુનિસુવ્રત સ્વામીની પ્રતિમા પ્રાપ્ત થાય છે. અતિ પ્રાચીન પ્રતિમા જેની અંદર અષ્ટ પ્રતિહારીય યુક્ત અને સાથે સાથે ખડગાસન મુદ્રામાં ચાર તીર્થંકરો અને વચ્ચે ભગવાન બિરાજમાન છે એટલે એવા પાંચ તીર્થંકર એટલે કે એવા પંચ તિથિ કહી શકાય એવી ભવ્યથી ભવ્ય પ્રતિમા છે બંને તરફ છે ચામરધારી ઇન્દ્ર છે. પબાસણમાં ગુપ્તકાલીન પછી પરંપરા શરૂ થઈ એ આપણે કંકાલિટીલામાં જાણ્યું કે શિલ્પ કલાની ખૂબ જ એક સરસ ટેકનિક હતી કે ભગવાન બિરાજમાન હોય અને તેની નીચે એક આસન બનાવવામાં આવે અને એના ઉપર પણ બહુ સરસ એક ભવ્ય કોતરણી હોય એવી આ સરસ પ્રતિમા છે. ભગવાનના મસ્તક ઉપર બંને તરફ  હાથી ચામર ધારી ઇન્દ્રો અને પુષ્પ માળા લઈને આવતા દેવો સરસ રચના કરવામાં આવી છે અને હાલમાં આગરા મ્યુઝિયમમાં આ પ્રતિમા બિરાજમાન છે અને પરમાત્માના પભાસણ નીચે ધર્મચક્રના યુક્ત આ પ્રતિમા છે. પરમાત્માના નીચે શ્રાવક શ્રાવિકાઓનું અંકન કરવામાં આવે છે એ આ સરસ પ્રતિમાઓ આગ્રાફોટની જ્યાં એનું ઉત્ખનન થયું હતું એટલે આપણે વિચારી શકીએ કે 11મી આ સમૃદ્ધ નગર હતું જ્યાં જૈનો  ની સારી એવી વસ્તી હતી. અહીં આ સ્થાપત્ય અને ઐતિહાસિક દ્રષ્ટિએ  આપણને આગ્રાનો ઇતિહાસ પ્રાપ્ત થાય છે.

આગરા જેને આપણે જૈનો  સાથે બહુ ઉલ્લેખન કરી શકીએ એવું આચાર્ય શ્રી હીરવિજયજી મહારાજનું પદાર્પણ પણ અહીં થયું હતું અને જે થયું હતું એની પાછળ પણ એક બહુ સારી કથા છે. ચંપા શ્રવિકાની. ચંપા શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસ કર્યા હતા અને એના પુત્રો અકબરના દરબારના કાર્યકર્તા હતા ચંપા શ્રાવિકા નો વરઘોડો નીકળી રહ્યો છે એ અકબર જોઈ રહ્યા છે અને અકબર પૃછા કરે છે ત્યારે એને ખબર પડે છે કે ચંપા શ્રાવીકા છ મહિનાના ઉપવાસ કરી રહ્યા છે. છ મહિના વગર ખાધે કેવી રીતે ચાલી શકે અમે પણ રોજા કરીએ અમે પણ અમે અડધા દિવસ ના ખાઈએ તો ચાલે નહીં તો આ શ્રાવિકા છ મહિનાના ઉપવાસ કેવી રીતે કરી શકે છે?  એમને દરબારમાં વિનંતી કરીને બોલાવો તે ચંપા શ્રાવિકા દરબારમાં પધારે છે અને તેમને પૂછવામાં આવે છે કે તમે આ ઉપવાસ કઈ રીતે કરો છો? મને તમારી ટેસ્ટ લેવી છે, પરીક્ષા લેવી છે આવી રીતે પોસિબલ ના થઈ શકે તેમને ખૂબ સુખ સુવિધા સાથે રાજમહેલમાં રાખ્યા અને એમના પર નિરંતર નિગ્રાણી કરવામાં આવી તેવો ખાનગીમાં ખાવાનું વાપરે છે કે કેમ? જ્યારે એમને ખબર પડી કે ચંપા શ્રાવિકાવી કા ખૂબ જ નિર્દોષ છ મહિનાના ઉપવાસ કરી રહ્યા છે ત્યારે તેમના આશ્ચર્યનો કોઈ પાર ના રહ્યો.તેમણે ચંપા શ્રાવિકા અને પૂછ્યું કે તમે આ કઈ રીતે ઉપવાસ કરી રહ્યા છો ત્યારે ચંપા શ્રાવિકા એમને કહે છે કે આ તો મારા ગુરુદેવ હીર વિજય સુરીશ્વરજી મહારાજની કૃપા છે એનાથી થઈ રહ્યું છે ત્યારે અકબર કહે છે કે મારે તો આવા અદભુત ગુરુદેવથી મળવું જ પડશે એટલે ફરમાનો દ્વારા ગુરુદેવને ત્રણ વાર વિનંતી કરવામાં આવી.

ગુજરાતના જે સુબેદાર હતા એને એકવાર વિનંતી કરી બે વાર વિનંતી કરી અને ત્રણ વાર વિનંતી કરી જ્યારે સુબેદારે જૈન ને સંઘને આ ફરમાન આપ્યું ત્યારે જૈન સંઘ ગભરાઈને આચાર્ય ભગવંત સુધી આ ફરમાન પહોંચાડતું પણ ન હતું કે આ શું કારણથી આ મોગલ બાદશાહ બોલાવી રહ્યા છે કારણ કે મનમાં એક ભય હતો એક ડર હતો કે આની પાછળ કોઈ ષડયંત્ર હશે કે ગુરુદેવને બંદી બનાવવામાં આવશે જ્યારે ત્રીજી વાર ફરમાન આવ્યું ત્યારે સંઘ આચાર્ય ભગવંત ગંધર્વમાં બિરાજમાન હતા ત્યારે સંઘ એમને કહે છે કે આ રીતે અકબર રાજા નું ફરમાન આવ્યું છે અને આપને વિનંતી કરી અને ફતેપુર સીકરી બોલાવ્યા છે કે આપ પધારો અને ત્યાં ધર્મદેશના આપો ત્યારે હીર વિજયજી મહારાજા આ એક ખૂબ જ બહુમૂલ્ય તક જાણે છે કે જૈન ધર્મની પ્રભાવના નો આ એક અદભુત અવસર મળ્યો છે એટલે એ ખૂબ જ આકરો વિહાર કરીને લગભગ ગંધારથી 1582 માં અકબરને મળે છે અને આપણે સહુ એ પ્રસંગને જાણીએ છીએ કે જે કાલીન હતી એના ઉપર ચાલવાની

ના પાડી નીચે જીવ હતા અને એ જીવ દયાની કથાથી અકબર ખૂબ જ પ્રતિબોધિત થયા હતા અને અબુલ ફઝલ જે અકબરના રોયલ પોર્તીયર હતા અકબરના તેમની સાથે ખૂબ જ ધાર્મિક ચર્ચા કરે છે આચાર્ય હીર વિજય સુરીશ્વરજી મહારાજા તેના દ્વારા અકબરને લાગે છે કે આ આચાર્ય ભગવાન કેટલી કેટલું જ્ઞાન જેની કોઈ સીમા નથી એવા અદભુત હીર વિજય સુરીશ્વરજી મહારાજ અને જગતગુરુ ની પદવી છે પદવી થી નવાજે છે અને એ સમયમાં એટલું ઉચ્ચ સ્થાન આપે છે કે એમના નામે ઘણા બધા ફરમાન લખી આપે છે,અમારી ઘોષણા કરે છે અને અમુક અમુક દિવસો સુધી અકબર પોતે માંસાહારનો ત્યાગ કરે છે એમને ધર્મગુરુ તરીકેનું બિરુદ આપે છે. સાથે સાથે શત્રુંજય તીર્થ સમેત શિખર કેસરિયા તીર્થ રાજગૃહી તારંગા જી આ બધા તીર્થોના ફરમાન લખી આપે છે.

આચાર્ય હીર વિજય સુરીશ્વરજી મહારાજ  એમની દીર્ઘદ્રષ્ટિ કેટલી અદભુત હતી કે તે સમયના મોગલ બાદશાહ પાસેથી તેમણે આવા ફરમાનો લઈ લીધા હતા. જ્યારે તેઓ ફતેપુર સીકરી પધારે છે ત્યારે એના બે વર્ષ પછી તેઓ આગ્રાની ભૂમિ પર પધારે છે ત્યારે એમની નિશ્રામાં અલગ અલગ પ્રતિષ્ઠાનો અંજન સલાકાઓ થઈ અને જે શિલાલેખો પ્રાપ્ત થાય છે એના જે આપણને જાણ થાય છે કે અને થાનસિંહ દુર્જનશલ્ય  નામના શ્રાવકોએ ભરાવેલા કેટલાય બીમ્બોની પ્રતિષ્ઠા તેમણે કરી હતી.. આચાર્યની કેવી દીર્ઘદ્રષ્ટિ હતી કે એમણે તો આગળ વિહાર કર્યો પણ પોતાના શિષ્યોને એમણે ત્યાં જ મૂક્યા કે એના પછી જેટલા પણ મુગલ બાદશાહો આવે એમને પ્રતિબોધ થતો રહે જૈન ધર્મનું કંઈ પણ નુકસાન ના થાય એની ખૂબ જ કાળજી રાખી શકાય. એ  પછી પણ જહાંગીરના માનીતા મંત્રીઓ કુંવર પાલ અને સોનપાલ લોઢા વંશના ગોત્રી હતા.અચલ ગચ્છના ફોલોવેર્સ હતા. એમને તેમ અલગ અલગ અંજન શલાકા પ્રતિષ્ઠાઓ કરાવી. એ સમયમાં એમણે અચલચ્છના આચાર્ય દ્વારા શ્રેયાન્શ  પ્રભુનું ભવ્ય મંદિર બંધાવી તેની તથા 45 જૈન પ્રતિમાઓની સવંત 1671 માં અચલગચ્છીય આચાર્યના ઉપદેશથી પ્રતિષ્ઠા કરાવી હતી આ ઉલ્લેખ ખાસ કરીને કરવામાં આવે છે કે આનું સ્થાપત્ય ખૂબ જ અદભુત હતું કે યુઝવલી આપણે પ્રતિમાઓ જોઈએ એના પભાસણમાં નીચે નામ લખેલા હોય જે પ્રતિષ્ઠા કારક હોય આચાર્ય ભગવંત તો હોય કે તે સમયના રાજાઓના હોય એ બધા જ નામ લખવામાં આવતા હતા પણ જે પ્રતિમાઓની પ્રતિષ્ઠા કુંવર પાલ સોનપાલે કરાવી એ ભગવાનના મસ્તક ઉપર લેખ અંકિત કરવામાં આવતો, ખાસ કરીને એમાં સ્થાનીય સુલતાન હોય, મુઘલ બાદશાહ હોય એના નામ અંકિત કરવામાં આવતા હતા કેમકે આગળ જતાં કોઈ મુગલ સૈનિક કે કોઈ તોડી નાખે નહીં એના માટે એ વિચારની દ્રષ્ટિએ આવું કરવામાં આવતું હતું .આગળ જતા

ચંદ્રપાલે પણ સંબંધ 16067 માં શ્રી વિવેક હર્ષ ઉપાધ્યાયના ઉપદેશથી એક મંદિર બંધાવ્યું હતું .એમ તો આજે આગ્રામાં ઘણા બધા દિગંબર અને શ્વેતાંબર જીનાલયો આપણને મળે છે મુખ્ય બે જિનાલયની આપણે વાત કરીશું

પ્રથમ રોશન મહોલ્લાની આપણે વાત કરશું. આગ્રાના રોશન મોહલ્લામાં સ્થિત છે સ્પષ્ટપણે એક મિક્સર દેરાસર છે. અહીં મુઘલ કલાનું કાલીન કલાનું પણ અને વર્તમાનનું પણ કલાનું પણ પ્રભુત્વ જોવા મળે છે. સમયે સમયે જ્યારે આના જીર્ણોદ્ધાર થયા ત્યારે જૂની કલા સાથે નવી કલાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે એટલે આ એક મિક્સર દેરાસર કહી શકાય એવું છે. આ દેરાસરની ખાસિયત એ છે કે અહીં પીયટરડૂલાનું કાર્ય કરવામાં આવ્યું છે, જેની અંદર સુલેમાની પથ્થર બિલ્લોર લેપીસ લઝુંલી વગેરે પત્થર જેને તાજમહેલમાં જોઈએ છીએ અને વખાણિયે છીએ કે કેટલી સરસ કોતરણી કામ કરેલ છે આ સેમ કામ આમાં કરવામાં આવ્યું છે કે સૌથી પહેલા તો આ હીરવિજયજી મહારાજ દ્વારા પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. વર્તમાનકાલીન કલાનો સમાવેશ આમાં થયેલું છે ડાબી તરફના ફોટોમાં જૂની મોગલકાલીન કોતરણી આદિ થાંભલા છે અને જમણી તરફના ફોટામાં વર્તમાનમાં જે પ્રચલિત છે એ કોતરણી જોવા મળે છે આરસપહાણની કલાકારીગીરી જોવા મળે છે એમ અહીં બંનેનો સમન્વય સાથે સાથે જોવા મળે છે. ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન છે જાસકપર નામના પથ્થરમાં સેમી પ્રસિષ્ઠ ઝોન સ્ટોન કહી શકાય એવા વ્યાસક પથ્થર ની અંદર મૂળનાયક શ્રી ચિંતામણી પાછળ ભગવાનની ભવ્યથી ભવ્ય પ્રતિમા બિરાજમાન છે એની પાછળ પીએસ્ત્રી ડુંલાનું સરસ કામ કરવામાં આવ્યું છે અને વેદી જે ભગવાનની બનાવવામાં આવી છે એમ કહી શકાય કે તે સમયના જે મુગલ બાદશાહના જે સિંહાસન હતા તેવી જ અનુરૂપ એવી વેદી બનાવવામાં આવી હતી. મૂળ નાયક બનાવવામાં આવી હતી અને મૂળનાયક પરમાત્મા ઉપર શ્રી માન્સીહે મૂર્તિ ભરાવવાનો ઉલ્લેખ મળે છે અને આચાર્ય શ્રી હીર વિજય સુરીશ્વરજી મહારાજ એ 1583 માં એની પ્રતિષ્ઠા થઈ એનો આપણને ઉલ્લેખ મળે છે. આગળઆપણને નાની નાની નાની સભા મંડપ આદિ કોતરણીયુક્ત નાની નાની ડેરીઓ દ્રષ્ટિગોચર થાય છે. વિશાલ ચોક મંડપમાં મુનિ સુવ્રતસ્વામી અને શાંતિનાથ ભગવાન તથા શ્રી પાશ્વનાથ ભગવાન બિરાજમાન છે. ગોખલાઓમાં પણ અલગ અલગ પ્રતિમાઓ બિરાજમાન છે . આ જિનાલયના બહારના ભાગમાં આચાર્યશ્રીની સ્મૃતિમાં પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે અને ખૂબ જ પ્રાચીન 14 મી સદીની પંચ તીર્થની પ્રતિમા

પણ સ્થાપિત કરવામાં આવી છે અને કુંવર પાલ લોઢા જે આગરા થી  લઈને સમેતશિખરનો ભવ્ય સંઘ જેમણે કાઢ્યો હતો જેની વાત આપણે કરી હતી. એમનો સ્મૃતિ રૂપ મોટો શિલાલેખ છે અહીં મૂળ નાયક ની પાછળ એક ખુબ જ આરસ પહાણના પટ્ટ જેની અંદર સુવર્ણનું બહુ સરસ કામ કરવામાં આવ્યું છે. એવા પટના દર્શન થાય છે સમિત શિખર અને બીજો શેત્રુંજય નો પટ્ટ મળે છે. ગોડીપાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાઓનો દર્શન થાય છે. આ જીનાલયની સૌથી મોટી ખાસિયત એ છે કે એક  શીતલનાથ ભગવાનની ભવ્ય પ્રતિમા બિરાજમાન છે. આમાં આપણે જોઈ શકીએ છીએ કે આગળ જામા મસ્જિદ છે અને પાછળમાં ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનનું  જીનાલય છે.આ  જામા મસ્જિદનું શિલાન્યાસ  થઈ રહ્યું હતું શાહજહાંના સમયમાં ત્યારે એમાં ભૂગર્ભમાંથી આ મૂર્તિ પ્રાપ્ત થઈ હતી જે આજે જામા મસ્જિદ છે .આ પ્રતિમા પ્રાપ્ત થતા જોવામાં આવ્યું કે એમાં કોઈ વસ્ત્રાલ્કન કરવામાં આવ્યું નથી. ત્યારે જે દિગંબર પરંપરાનો સમાજ હતો તેઓ આવ્યા અને તેમને આ પ્રતિમા કલેમ કરી કે અમને આ પ્રતિમા આપો. કેમ કે આ અમારા ભગવાન છે ત્યારે જે મોગલ સૈનિકો આદિ હતા તેમણે એ આપી દીધી આ પ્રતિમાનો એવો પ્રભાવ હતો કે ઊભી થઈ શકતી નથી એટલે એ ભારી થઈ ગઈ હતી આ એક કિવદંતી છે. ઘણા બધા દિવસો સુધી પ્રયત્ન થયા હાથીઓ દ્વારા આ પ્રતિમા ને ઉપાડવાનો પ્રયાસ થયો પણ આ પ્રતિમા ઉપડી જ રહી નહોતી અને છેવટે તેમણે હાર માની લીધી તો આ પ્રતિમાનું થાય શું?  ત્યારે એ સમયમાં શ્વેતામ્બર જીનાલય  હતું એ સમયમાં ત્યાં એક યતિ મહારાજ બિરાજમાન હતા. તેમણે આવી અને એ પ્રતિમા માટે કહ્યું કે તેઓ આ પ્રતિમા લેશે પણ કઈ રીતે? તો તેમણે ત્રણ દિવસની સાધના કરી ત્યારબાદ ભૂમિને ક્ષેત્રપાળ દેવનું આહ્વાન આદિ કરીને તે પ્રતિમાને બહુ સરસ રીતે માથે ઉપાડી. શ્રી પાર્શ્વનાથ ચિંતામણી ભગવાનના જિનાલયમાં બિરાજમાન કરે. એની ખાસિયત એ છે કે  આજના દિવસે પણ આ પ્રતિમાને ચક્ષુ ચોંટાડવામાં આવતા નથી પણ બંને પરંપરાથી આની પૂજા થાય છે. શીતલનાથ ભગવાનની આ ડેરીમાં પણ પીએતરું ડુંલાનું સરસ કામ જોવા મળે છે. બંને સંપ્રદાયના ભાવિકો ખૂબ જ ભાવથી પોતાના હિસાબી પૂજા કરે છે.

દિગંબર જિનાલય ની વાત કરીએ તો જેને શ્રી અગ્રવાલ દિગંબર જૈન બડા મંદિર ના નામથી ઓળખવામાં આવે છે. આ પણ આગ્રાનો ખૂબ જ પ્રાચીન જીનાલય  આ આગ્રાના  મોટી કટરા વિસ્તારમાં છે. આ જિનાલયની ખાસિયત એ છે કે જેવું જિનાલય ઉપરમાં છે એવું  જ જીનાલય નીચે

ભોયરામાં છે જે તે સમયમાં પૂરોમાં રહેલા ભાવિકો એમના મનમાં કેવા વિચાર હશે કે આગળ જતા કોઈપણ તકલીફ આફત આવે તો બધી પ્રતિમાઓને સુરક્ષિત રીતે ભોયરામાં રાખી શકાય તે હેતુથી આ જીનાલય નું નિર્માણ કરવામાં આવ્યું હતું. આમાં પણ આપણે જોઈ શકીએ કે મુઘલ કલાનું સરસ પ્રભાવ મળે છે મૂળનાયક રૂપે સંભવનાથ ભગવાન બિરાજમાન છે. એક મૂળનાયક  પરમાત્મા 11મી સદીના અને ભવ્ય વેદીમાં ત્રણ કમળ છે એમાં ત્રણ પ્રતિમાઓ બિરાજમાન છે. આ સંભવનાથ ભગવાનની એક ફૂટ ઊંચી પ્રતિમા સફેદ આરસમાં બનેલી છે. ભગવાનની બંને બાજુ પ્રાચીન પરમાત્મા બિરાજમાન છે. ડાબી તરફ આપણે જોઈ શકીએ છીએ કે બલુઆ પત્થરની પ્રાચીન પ્રતિમા છે. જમણી તરફ કસોટી પથ્થરની પ્રતિમા છે.ત્રણેય પ્રતિમાઓ ખૂબ જ પ્રાચીન છે. ડાબી તરફની પ્રતિમા ગુપ્તકાલીન પ્રતિમા છે. જમણી તરફની પ્રતિમા પણ 12 મી સદીની છે. ડાબી બાજુની પ્રથમ વેદીમાંપાર્શ્વનાથ  ભગવાનની સફેદ પથ્થરની 13મી સદીની ખૂબ જ ભવ્ય પ્રતિમા બિરાજમાન છે. આ જિનાલયની ખાસિયત એ છે કે એની અંદર 600 થી વધુ પ્રતિમાઓ છે અહીં જે જીન પ્રતિમાઓનું સંગ્રહ છે એ ખૂબ જ સરસ છે. અહીં 600 પથ્થર અને ધાતુઓની પ્રતિમાઓ છે ધાતુની પણ ખૂબ જ નાની નાની સરસ પ્રતિમાઓ બિરાજમાન છે. સાથે સાથે નવી નવી વેદીઓની પણ અહીં સ્થાપના થઈ છે અહીં બાહુબલીજીની પણ એક ખડગાસન મુદ્રામાં એક પ્રતિમા છે. આ જીનાલય ને બીજી એક સરસ ખાસિયત એ છે કે અહીં હસ્તલિખિત શાસ્ત્રનો ખૂબ જ સમૃદ્ધ ભંડાર છે 2000 થી વધારે હસ્ત લિખિત ગ્રંથો આજીનાલયમાં છે અને આગ્રાની બીજી એક ખાસિયત જોઈએ તો અહીં ઘણા બધા જીનાલયો છે હીર વિજય સુરીશ્વરજી મહારાજના છત્રી સમાધિ એ સાથે સંપ્રતિકાલીન એક પ્રતિમા પણ છે એક એવું પણ જીનાલય છે જે એક જણના ઘરમાં પરિવર્તિત છે. આમ એ ક્રોસ દેરાસર છે ઘણી બધી સ્થાપત્ય કળા સાથે આગ્રા સમુદ્ધ જૈન નગર હતું એક સમયમાં પણ આજે પરિસ્થિતિ કંઈક બીજી છે.

શૌરીપુરી તીર્થની વાત કરીએ તો આ નેમિનાથ ભગવાનના જન્મ કલ્યાણક ની ભૂમિ  રહી છે. નેમિનાથ  ભગવાનનું નામ લેતા આપણને ગિરનારની યાદ આવે પણ પરમાત્માનું જન્મ થયો હતો એવી આ  શૌરી પૂરી નગરી જે આગરા અને ગ્વાલિયર બે ની વચ્ચે છે આગ્રા ઉત્તર પ્રદેશમાં છે જ્યારે ગ્વાલિયર મધ્યપ્રદેશમાં છે આ બંનેની વચ્ચે સ્થિત એવી આ અદભુત નગરી છે યમુનાના દક્ષિણ કાઠે બટેશ્વર નામના ગામની બાજુમાં સ્થિત છે. આગ્રાથી લગભગ 80 કિલોમીટર અને ગવાલિયરથી 125 કિલોમીટર દૂર આ ભૂમિ છે. એક સમયમાં આ શૌર્યપુર સૂર્યપુર સોરી પુર આદિ

નામોથી જાણીતું હતું. પ્રાચીન નામોથી અલંકૃત છે આગમોની વાત કરીએ તો સમવાયાંગ સૂત્રમાં ઉતરાધ્યાયન સૂત્ર આવશ્યક સૂત્ર કલ્પસૂત્ર એ બધા જ આગમોમાં આનો ઉલ્લેખ આપણને જોવા મળે છે દિગંબર ગ્રંથ હરિવંશ પુરાણ અને તિલોયપન્ન્તી આ બધામાં આ નગરીના ઉલ્લેખ જોવા મળે છે. યદુવંશી એવા ભગવાન અરેષ્ઠનેમી નેમિનાથ ભગવાનના જીવનની જન્મભૂમિ રહી ચૂકી છે. એવી આ ભૂમિ છે ઐતિહાસિક દ્રષ્ટિએ આપણે જોઈએ તો વસુદેવહિન્ડી અને ત્રીશષ્ટિસલાકા પુરુષ અનુસાર યદુ રાજાના સોરી અને વીર નામના બે ભાઈઓ હતા એમાં સોરી એ સોરી વસાવ્યું હતું. 25આર્ય દેશોમાં કુશાવર્ત રાજધાની નું આ નગર હતું ગ્રીક મેથેમેટિક્સ હતા મેગાથનીશ ભ્રમણમાં એનો આપણને ઉલ્લેખ મળે છે. મહાવીર ભગવાનની વિચરણ ભૂમિ રહી છે. અહીંના શિયાવર્તક ઉધ્યાન માં ભગવાન મહાવીરે એક માછીમારના પૂર્વનું વર્ણન કહીને સંભળાવ્યું હતું. આ પહેલા ઘણી બધી જગ્યાએ ભગવાન મહાવીરનું વિચરણ પણ રહી ચૂક્યું છે ઉત્તર પ્રદેશની ભૂમિમાં મહાવીર ભગવાને ખૂબ જ વિચરણ કર્યું છે . ઘણા મહાપુરુષોનું પદાર્પણ પણ થયું છે બપ્પ ભટ્ટી સુરીશ્વરજી મહારાજા દ્વારા અહીંનો જીર્ણોદ્ધાર થયો છે. વિમલ સૂરીશ્વરજીઉધ્યોત્ન તન સુરીશ્વરજી શ્રીજી નેમિ ચંદ્રસુરિ, દેવચંદ્ર સુરિ તથા જીનપ્રભ સુરિ 14 મી સદીમાં જે વિવિધ તીર્થ કલ્પમાં ઉલ્લેખ કરે છે કે અહીં શંખ રાજાએ ઉદ્ધાર કરાવેલા જિનાલયમાં નેમીનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે અને સદીમાં ભવ્ય જીનાલય અહીં હતું એની આપણને માહિતી મળે છે.

આ વાત આપણે જોઈએ તો હીર વિજયજી મહારાજા આગ્રાથી અહીં પધાર્યા હતા સંઘ સાથે 1584 માં પધાર્યા હતા અને નેમીનાથ ભગવાનની અંજન શલાકા પ્રતિષ્ઠા કરી અને તેમની ચરણ પાદુકાઓ પધરાવી હતી પછી એમના શિષ્ય ઉપાધ્યાય કલ્યાણ વિજયજી અને એમના શિષ્ય જય વિજયજીનું પદાર્પણ થાય છે. પોતાની તીર્થ માળામાં એમણે એ લખ્યું હતું એ સમયમાં પણ અહીં જિનાલય વિદ્યમાન હતું એની આપણને જાણ થાય છે. પછી વિવેક હર્ષગણી મહારાજા આવ્યા એમને પણ ઘણી મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી 1612 માં શ્રી જીનચંદ્ર સુરિ,સહજ સાગર ગણી પંડિત વિજય સાગર પંડિત હેતુસાગર ગણી વગેરે સાથે આગ્રાથી શૌરી પુરની યાત્રાએ પધાર્યા એ જ સમયમાં કલ્યાણ સાગર જીએ પણ યાત્રા કરી ઈ.સ 1691 માં શ્રી સૌભાગ્ય વિજયજી ઈસવીસન 1701 માં ઉપાધ્યાય શ્રી મેઘવીજય ગણી વગેરે શૌરી પૂરની યાત્રાએ કરી હતી

પૂરાતત્વિક દ્રષ્ટિએ જોઈએ તો એલેક્ઝાન્ડર કનિંગ હેમે અહીંથી અનેક પ્રાચીન અવશેષો નું ઉત્ખનન કર્યું. મૂર્તિઓ શિલાલેખો તામ્ર સિક્કા વગેરેના અવશેષો મળ્યા હતા.. 18મિ સદીમાં કાર્લાઈલે અહીંથી 1028 ના લેખ વાળી રુષભદેવ ભગવાન પરના જૈન શિલાલેખો અને બીજા વિવિધ શિલ્પોને શોધ્યા હતા. વિવિધ  પ્રકારના તોરણ આદિ પણ શોધ્યા હતા. આ પ્રતિમા હાલમાં મ્યુઝિયમમાં બિરાજમાન છે. શ્વેતાંબર જિનાલય ની વાત કરીએ તો ૧૪સદીએ શંખ રાજાએ જીર્ણોદ્ધાર કરી શ્રી નેમિનાથ પ્રભુને પધાર્યા હતા. એનો જિન પ્રભ સુરિજીન મહારાજે વિવિધ તીર્થ કલ્પમાં એનો ઉલ્લેખ કર્યો છે. હીર વિજયજી  મહારાજે નેમિનાથ ભગવાનના પ્રતિમા અને પાદુકાની પ્રતિષ્ઠા કરાવી હતી. 19મી સદીમાં આ દેરાસરની જે વ્યવસ્થા હતી તે ઋષભદાસજી ના શિષ્ય ધનામલજી નામના શ્વેતામ્બર યતિ મહાત્મા કરતા હતા એથી જ એ મંદિર યતિ મંદિર તરીકે જાણીતું હતું. પદ્મસાગર જી મહારાજ એ આનો જીર્ણોદ્ધાર કર્યો છે. 100 વર્ષ અગાઉ ગ્વાલિયર નિવાસી શેઠ નથમલ એ જીર્ણોદ્ધાર પ્રારંભ કર્યો અને આગ્રાના જૈન સંઘે તેનો વહીવટ સંભાળ્યો. જીર્ણોદ્ધારનું કામ પૂરું થતાં મુન્ની  શ્રી વિદ્યા વિજયજી અને જયંત વિજયજી મહારાજ દ્વારા પ્રતિષ્ઠા કરવામાં આવી. હાલ માં આચાર્યશ્રી પદ્મસાગર મહારાજ દ્વારા એની જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા કરવામાં આવી છે જીર્ણોદ્ધાર પૂર્વેનું અને પછીના ફોટો જોઈ શકાય છે. આચાર્ય હીર વિજયજી મહારાજ દ્વારા ખૂબ જ ભવ્ય જિનાલયની પ્રતિષ્ઠા થઈ છે આ જીનાલયની ખાસિયત એ છે કે એને સુપૃષ્ઠ પ્રાસાદ જિનાલય કહેવાય છે. કલાકારી યુક્ત બહુ ભવ્ય કોતરણી અહીં જોઈ શકાય છે. શિખર ની અંદર પણ ખૂબ જ સરસ કોતરણી કામ કરવામાં આવ્યું છે અલગ અલગ એંગલથી આપણે એ જોઈ શકીએ છીએ કે સરસ સ્થાપત્ય સાથે નવું જિનાલય બન્યું છે. દૂરથી જોતા જરાક એક નાની ટેકરી ઉપર આ જિનાલય બનેલું છે. પ્રતિમાની સામે ત્રિશાખા દ્વાર છે એના ઉપર ખૂબ જ ભવ્ય કોતરણી છે. વર્તમાનમાં એ ખૂબ જ સરસ લાગી રહ્યું છે. જીર્ણોદ્ધાર પહેલાં જે વેદીમાં શ્રી નેમિનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમા બિરાજમાન હતી એ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે લાગતી હતી. વર્તમાનમાં એને સ્વપરીકર યુક્ત ખૂબ જ ભવ્ય પરીકરમા બિરાજમાન કરવામાં આવી છે પહેલાની જે વેદી હતી એ મોગલકાલીન આર્ટ કહી શકાય એવી હતી પણ વર્તમાનમાં એને ખૂબ જ સરસ પરીકર સાથે પરમાત્માને સ્થાપિત કરવામાં આવેલ છે. આજ જીનાલય ની અંદર ખૂબ જ પ્રાચીન પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી છે. બલુઆ પત્થરમાં શ્રેયાંશ નાથ,પાર્શ્વનાથ  ભગવાન ,અજીતનાથ, આદિનાથ ભગવાનની પ્રતિમાઓ પ્રાચીન છે પણ પરિકરો બધા જ હમણા હાલના નવા છે, જે પ્રતિષ્ઠા કરવામાં આવી તેમાં સ્થાપિત કરવામાં આવેલા છે . સાથે સાથે શાંતિનાથ ભગવાન બીજા હજુ એક શાંતિનાથ ભગવાન નેમિનાથ ભગવાન અને પાર્શ્વનાથ ભગવાન. નેમિનાથ અને

પાર્શ્વનાથ ભગવાનની શ્યામવરણીય પ્રતિમાઓ સરસ મનમોહક પ્રતિમાઓ અહીં છે. આ જીનાલયને બીજી એક ખાસિયત એ છે કે 24 ભગવાનની ચરણ પાદુકાઓ ની સ્થાપના કરવામાં આવી છે. આ જીનાલય ના જીર્ણોદ્ધાર સાથે એક નુતનગુરુ મંદિર પણ બન્યું. આ એક ખાસ કહી શકાય એવું કમળ આકારનું મંદિર બનાવ્યું છે. જિનાલય ની બાજુમાં જ અહીં આ નવા મંદિરનું નિર્માણ થયું છે. ગૌતમ સ્વામી ભગવાનની સરસ પ્રતિમા અને બુદ્ધિ સાગર સુરીશ્વર મહારાજની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે.

દિગંબર જિનાલયમાં જોઈએ તો આ દિગંબર જિનાલય શ્વેતાંબર જિનાલયની એકદમ બાજુમાં જ છે લગભગ 16 67 માં ભટ્ટારક વિશ્વભૂષણ દ્વારા નિર્મિત છે અને ત્રણ અલગ અલગ મંદિરોનો સમાવેશ આ કોમ્પ્લેક્સમાં થયું છે. જેમાં બરવા મઠ, શંખ ધ્વજ મંદિર તથા પંચમઢી એક કોમ્પ્લેક્સમાં છે. આ ત્રણેય દિગંબર મંદિર છે અને એક જ કમ્પાઉન્ડમાં છે. વચ્ચે બહાર થી જૂનું જિનાલય છે સામે માન સ્તંભ મુકવામાં આવ્યું છે અને ડાબી તરફથી પાછળમાં જે જીનાલય બન્યા એટલે કે શંખ ધ્વજ મંદિર બન્યા એના અહીં દર્શન થાય છે. પણ બહુ યુનિક ફીચર એ છે કે એવી રીતે બનાવવામાં આવ્યા છે કે તમે આ તરફથી જાવ તો પણ માન સ્તંભ સામે જીનાલય પડે અને બીજી સાઈડ થી જાઓ તો પણ માન સ્થમ્ભની સામે જીનાલય પડે. તેની વર્તમાન મૂળનાયક છે તેની હાલમાં 1950 પ્રતિષ્ઠા થઈ છે એમાં આઠ ફૂટની નેમિનાથ ભગવાનની કાર્યોત્સર્ગ મુદ્રામાં પ્રતિમા છે પણ એની ખાસિયત એ છે કે આ જિનાલયમાં અત્યંત પ્રાચીન બીજી બીજી પ્રતિમાઓ છે. બલુંવા પથ્થરની 11 મી સદીની પ્રતિમાઓ છે. આ પ્રતિમામા કોઈ લેખ નથી એટલે આ પ્રતિમાજી કોના છે એનું આઈડેન્ટીફીકેશન નથી થયું પણ આ 11 મી સદીની પ્રાચીન પ્રતિમા છે એ ખબર પડે છે. વર્તમાનમાં યાદવ વંશના જૈનો દ્વારા મૃત્યુના અવસરે અહીં દિપક ચડાવવાની પ્રથા છે. વૈષ્ણવ તે યાદવ વંશી છે તેઓ યમુના નદીમાં દીપક ચડાવે છે. ઘણી બધી પ્રાચીન અને અર્વાચીન બંને પ્રકારની પ્રતિમાઓ પ્રાપ્ત થાય છે, સ્થાપિત કરવામાં આવી છે. ૧૯૪૦માં ઘણા બધા ઉત્ખનન થયા હતા. એમાં જે પ્રતિમા પ્રાપ્ત થઈ છે એ બધી જ આ જીનાલયમાં છે.

શોરીપુર થી નજીક બટેશ્વરમાં પણ એક દિગંબર જૈન મંદિર છે. બટેશ્વરઆમ તો શોરીપુરનું એક પરુ જ કહેવાય. 1782 ભટ્ટારક જિનેન્દ્ર ભૂષણ દ્વારા એનું નિર્માણ કરવામાં આવ્યું હતું .. એમને એક વિચાર આવ્યો કે આ યમુના નદીના કિનારે હતું પણ ધીરે ધીરે દૂરથઈ ગયું છે કર્યું કે આ જગ્યાએ

પણ કલ્યાણક ની એક સ્મૃતિમાં જિનાલય હોવું જોઈએ તેથી તેમણે ૧૭૮૨ માં આ મંદિરની સ્થાપના કરી. આ મંદિર યમુના કિનારે સ્થિત છે અને એના મૂળ નાયક ભગવાન અજીત નાથ છે. અહીં પણ અનેક પ્રાચીન પ્રતિમાઓ બિરાજમાન છે. ડાબી તરફ નેમીનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે વચ્ચે પાશ્વનાથ ભગવાનની પંચ તીર્થ રૂપ પ્રતિમા બિરાજમાન છે જમણી તરફના 10 મી સદીની ઋષભદેવ ભગવાનની પ્રાચીન પ્રતિમા છે. પ્રાચીન અલગ અલગ પથ્થરોમાં પાષણમાં અલગ અલગ ધાતુઓમાં ઘણી બધી પ્રાચીન પ્રતિમાઓ છે એ જે ઉત્ખનનથી પ્રાપ્ત થઈ છે જે અન્ય ગામોથી પણ લાવવામાં આવી છે એ બધી જ પ્રતિમાઓ અહીંથી પ્રાપ્ત થાય છે. જમણી તરફના નેમિનાથ ભગવાનની લગભગ 13 મી સદીની પ્રાચીન પ્રતિમા આપણને અહીંથી દ્રષ્ટિગોચર થાય છે. ઘણી બધી પ્રાચીન અને અર્વાચીન હજી પણ પ્રતિમાઓ પણ છે ડાબી તરફના 19 મી સદીની પ્રાચીન પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે. એની બાજુમાં 16 મી સદીની શ્યામ વર્ણની પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે અને સાથે સાથે નવીન અર્વાચીન પ્રતિમા પણ છે.

*************************************************************************